વન વિભાગ હસ્તકના રાજ્યપત્રિત સંવર્ગો માટે રજા, પાસપોર્ટ અને વિદેશ મુસાફરી માટેની એન.ઓ.સી. મેળવવા માટેની અરજીઓ 'સાથી' દ્વારા પ્રોસેસ કરવા બાબત.

ગુજરાત સરકાર
વન અને પર્યાવરણ વિભાગ,
પરિપત્ર ક્રમાંક : મહક/૧૦૨૦૧૮/૪૦૫/ક
સચિવાલય, ગાંધીનગર.
તા. 26 JUN 2018

વંચાણમાં લીધા:

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા. ૩૧/૦૮/૨૦૧૬ નો પરિપત્ર ક્રમાંક: એચ.આર.એમ./૧૦૨૦૧૬/૪૫૨૨/એચ.આર.એમ.એસ.સેલ

(૨) વન અને પર્યાવરણ વિભાગનો તા. ૨૦/૦૪/૨૦૧૭ નો પરિપત્ર ક્રમાંક: ખહલ/૧૦૨૦૧૭/૮૨૩/ક.

(૩) વન અને પર્યાવરણ વિભાગનીતા. ૦૪/૦૪/૨૦૧૮ ની યાદી ક્રમાંક: ખહલ/૧૦૨૦૧૭/૮૨૩/ક.

(૪) વન અને પર્યાવરણ વિભાગનો તા. ૧૦/૦૧/૨૦૧૮ નો પરિપત્ર ક્રમાંક:સી.ડી.આર./૧૦૨૦૧૭૧૮૭૪/ક.

**પરિપત્રઃ-**

ગુજરાત સરકાર દ્વારા સરકારી અધિકારી/કર્મચારીઓ માટે ઈન્ફર્મેશન ટેકનોલોજી આધારિત "Human Resources Management System" (HRMS) માટેની એક એપ્લીકેશન "System of Application of Technology for Human Resource Improvement" (SATHI) અમલમાં મુકેલ છે. જેના અનુસંધાને સરકાર અને અધિકારીઓ/કર્મચારીઓ વચ્ચેના તમામ સેવાકીય વ્યવહારો તબક્કાવાર 'સાથી' સોફ્ટવેર એપ્લીકેશન ઉપર તબદીલ કરવામાં આવનાર છે. ઉપર આમુખમાં ક્રમાંક (૧) સામે વંચાણે લીધેલ પરિપત્રની જોગવાઈના અનુસંધાને વિવિધ સેવાકીય બાબતોના 'સાથી' મારફતે નિકાલ માટે સૂચનાઓ આપવામાં આવેલ છે. વન અને પર્યાવરણ વિભાગના ક્રમાંક (૨) થી (૪) સામે વંચાણમાં લીધેલ પરિપત્ર/યાદી અન્વયે વન વિભાગ હસ્તકના રાજ્યપત્રિત સંવર્ગો માટે કામગીરી મુલ્યાંકન અહેવાલ અને વાર્ષિક મિલ્કત પત્રકો 'સાથી' દ્વારા પ્રોસેસ કરવા અંગે સૂચનાઓ આપવામાં આવેલ છે. અન્ય સેવા વિષયક બાબતોના 'સાથી' મારફતે નિકાલ માટે આથી નીચે મુજબની સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે.

(૧) 'સાથી' સોફ્ટવેર એપ્લીકેશનમાં કાર્યવાહી ઓનલાઈન હાથ ધરવામાં આવતી હોઈ વન વિભાગ હસ્તકના તમામ રાજ્યપત્રિત અધિકારીઓએ રજા, પાસપોર્ટ અને વિદેશ મુસાફરી માટેની એન.ઓ.સી. મેળવવા માટેની અરજીઓ માટે આ પરિપત્ર રવાના થયાના તરત પછીના કામકાજ ના દિવસથી ફાઈલ કે પત્ર આધારિત પ્રક્રિયા બંધ કરી માત્ર 'સાથી' દ્વારા જ અરજી કરવાની રહેશે.

FORESTS & ENVIRONMENT DEP. GOVT OF GUJARAT GANDHINAGAR

(૨) GSWAN HOME PAGE માં "SATHI" પર CLICK કરવાથી અથવા વેબપેજ www.sathi.gujarat.gov.in થી "SATHI" એપ્લીકેશનમાં લોગ-ઈન થઈ શકાશે. 'સાથી' મારફતે હાથ ધરવામાં આવતી વિવિધ પ્રક્રિયાની માર્ગદર્શક VIDEO ઉક્ત વેબસાઈટ પર ઉપલબ્ધ છે. 'સાથી' એપ્લીકેશનમાં લોગ-ઈન કરવા સહિત તેના ઉપયોગ સંબંધે વપરાશ-કર્તાને કોઈ મુશ્કેલી જણાતી હોય તો HRMS સેલ ખાતેના Helpdesk નંબર ૦૭૯-૨૩૨-૫૫૮૨૭ પર સંપર્ક કરી માર્ગદર્શન મેળવી શકાશે.

(૩) 'સાથી' માટેની મોબાઈલ એપ "SATHI" Android Phone અને IOs ઓપરેટીંગ સીસ્ટમ વાળા મોબાઈલ હેન્ડસેટ પર ઈન્ટરનેટ કાર્ડ/કનેક્ટીવીટી દ્વારા ઉપ્લબ્ધ છે.

(૪) જો અનિવાર્ય કારણોસર પેપર/ફાઈલ આધારિત પ્રક્રિયા હાથ ધરવાની આવશ્યકતા ઉભી થાય તો તેની અરજી, 'સાથી' મારફતે ઓનલાઈન પ્રોસેસ નહી કરવાનાં કારણો સહિત, ફીઝીકલ દરખાસ્ત આ વિભાગની મંજૂરી અર્થે સમય મર્યાદામાં રજૂ કરવાની રહેશે.

(૫) આ ઉપરાંત વિવિધ સેવાકીય બાબતોની અરજીઓ અંગેનું Status જાણી શકાય તથા ઓનલાઇન રવાના કરવામાં આવેલ હુકમો મેળવી શકાય તે હેતુથી 'સાથી' એપ્લીકેશનમાં log-in કર્યા બાદ મોબાઇલ નંબર, ઈ-મેઈલ વગેરે Employee Profile અંગેની વિગતો પણ અધતન કરવા તમામ અધિકારીશ્રીઓ/કચેરીના વડાઓને જણાવવામાં આવે છે.

(૬) 'સાથી' મારફતે ઓનલાઈન રવાના કરવામાં આવેલ હોય તેવા તમામ હુકમોની સેવાપોથીમાં સમયસર નોંધ કરવાની જવાબદારી સેવાપોથી જેમના કબજામાં રાખવામાં આવતી હોય તે કચેરીના વડાની રહેશે. તેમજ તેનું ઉલ્લંઘન યથાપ્રસંગ અખિલ ભારતીય સેવા (વર્તણૂક) નિયમો, ૧૯૬૮ અથવા ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો, ૨૦૦૨ ના નિયમ-૩૮ (૪) ની જોગવાઈ અનુસંધાને ગુજરાત મુલ્કી સેવા (વર્તણૂક) નિયમો, ૧૯૭૧ ની જોગવાઇઓના અર્થમાં કર્તવ્ય પરાયણતાનો અભાવ ગણાશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ગગુભા રાજ)
ઉપ સચિવ
વન અને પર્યાવરણ વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (વન) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી (વન) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, અરણ્ય ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરીઓ, ગુજરાત રાજ્ય, ડૉ. જીવરાજ મહેતા ભવન, સેક્ટર-૧૦/બી, ગાંધીનગર.
- તમામ સંબંધિત અધિકારીશ્રીઓ (અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી મારફતે)
- ઉપ સચિવશ્રી, HRMS Cell, બ્લોક નં. ૧/૮, સચિવાલય, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજર, વન અને પર્યાવરણ વિભાગ- વિભાગની વેબસાઇટ અને IWDMS પર પ્રસિધ્ધિ સારુ.
- નાયબ સેક્શન અધિકારીની પસંદગી ફાઇલ.
- શાખા પસંદગી ફાઇલ.

FORESTS & ENVIRONMENT DEPT. GOVT OF GUJARAT GANDHINAGAR